ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જતિન ઓઝા
ડેપ્યુટી એક્ઝિ. એન્જિ.
દાંડી કુટિર (મહાત્મા મંદિર)
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦



મૃગેન્દ્ર દેસાઈ
મો. ૯૮૨૫૮ ૫૪૩૬૭



કેતન ભટ્ટ
મો. ૯૪૨૬૭ ૬૯૫૯૯



આદિત્ય ઉપાધ્યાય
મો. ૯૮૯૮૫ ૪૨૨૮૯



હરલીન જોષી
મો. ૯૭૧૪૮ ૬૭૬૨૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ યુનિવર્સિટી યુવક મહોત્સવમાં ઝળકી



ગાંધીનગર, તા. ૬

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજે ગુજરાત યુનિવર્સિટી આંતર-વિભાગીય યુવક મહોત્સવમાં જ્વલંત દેખાવ કરીને ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સ્પર્ધાઓમાં કોલેજ વિદ્યાર્થીનીઓએ ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, કૉલાજ, માઈમ, અને મીમ્રીક્રી માં વિભાગિય સ્તરે ઉત્તીર્ણ થઈને ભાગ લીધેલ છે. જેમાં કૉલાજ અને મીમ્રીક્રીમાં અનુક્રમે કુ.અંકિતા અને કુ.શ્રધ્ધા ગઢવીએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું જયારે માઈમ સ્પર્ધામાં કુ.રીનલ, કુ.નફીસા, કુ.જયશ્રી, કુ.શ્રધ્ધા, કુ.પાયલ અને કુ.શીતલે દ્રિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

યુવક મહોત્સવની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીનીઓ યુથફેસ્ટીવલ કમિટીના ઈન્ચાર્જ પ્રા. પાયલબેન પંડ્યા, ડૉ.પ્રણવ જોષીપુરા તથા પ્રા.ડૉ.કીર્તિકમલ વાઘેલાના માર્ગદર્શન હેઠળ તૈયારી કરવી.આ ઉજ્જવળ સફળતા બદલ કોલેજ પરિવાર વતી આચાર્યા ડૉ.અમૃતાબેન પટેલે તથા ઉપાઆચાર્ય ડૉ.પ્રણવ જોષીપુરા તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ‘જીવન અમૂલ્ય છે’ નામક નાટકની વિદ્યાર્થીઓ દ્વારા ભાવવાહી રજૂઆત





## નગરના સેવાભાવી કલાકારો દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે નિઃશુલ્કપણે નાટકનું મંચન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમની સાથે સાથે અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. જે અન્વયે આજે બીબીએ કોલેજ ખાતે જી ઈ ક્લબ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત, ઈન્ડિયન રેડક્રૉસ સોસાસટી, ગાંધીનગર તાલુકા બ્રાન્ચ પ્રસ્તુત નાટક ‘જીવન અમૂલ્ય છે’ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું.

જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સના નાટ્ય વિષયના યુવા મિત્રોએ નાટકના માધ્યમથી અસરકારક રીતે સામાજિકિ સંદેશ આપ્યો હતો.

આત્મહત્યા એ સામાજિક દુષણ છે. તેમજ તેનાથી કોઈને લાભ નથી પણ એક અમુલ્ય વ્યકિત સમાજે ગુમાવવી પડે છે. આમ આવા જીવંત વિષય પર લોકોને માનસિક રીતે મજબુત બનવા માટેનો સંદેશ પુરો પાડયો હતો જેમાં નિષ્ફળતાથી ગભરાવાની જરૂર નથી. નિરાશાને ખંખેરી પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ તેમજ તકને ઝડપી સફળતા તરફ આગળ વધવું જોઈએ. મુસીબતોનો સામનો હિંમતપૂર્વક કરવામાં આવે તો અનેક લોકોનો સાથ સહકાર તમને પ્રાપ્ત થશે તેમ સમજાવવાનો યુવા ટીમ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

ફાલ્ગુન નંદા, આકાશ ગોહિલ, ધૃવ પંચાસરા, મહેન્દ્ર હડીયા, પ્રતીક હિરપરા, ગાયત્રી પંચાલ, દેવલ રામાવત, અર્થ સાધુ, સાબિર મલેક, મૌન સાધુ, દિલીપસિંહ ઝાલા, પ્રતીક્ષા નિમાવત અને નિકીતા પરમાર દ્વારા આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. પર્વ નિમાવત દ્વારા સંગીત સંચાલનની સેવા પૂરી પાડવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે સૌ કલાકારોએ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે નિઃશુલ્કપણે આ નાટક પ્રસ્તુત કર્યું હતું અને ટીમ દ્વારા આ નાટકનો છઠ્ઠો શો હતો. બીબીએ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ માટે માર્ગદર્શન તેમજ સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

રિશ્તોં કી બગીયા મેં
એક રિશ્તા
નીમ કે પેડ જૈસા રખના
જો સીખ ભલે હી કડવી દે
જરૂરત પડને પર
મરહમ ભી બને

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઍમ ઍસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિર્ઝ્યા
૧૨.૪૫, ૭.૦૦

**સ્ક્રીન-૩**
મિર્ઝ્યા
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝ્યા
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

# લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર પદયાત્રા

## પદયાત્રામાં જોડાવા ઈચ્છુકોએ જલારામ ધામના મેનેજરનો સંપર્ક કરવો

ગાંધીનગર, તા. ૬

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ અવિરતપણે આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૦મી પદયાત્રાનું આયોજન આગામી તારીખ ૯ નવેમ્બરથી ૧૮ નવેમ્બર દરમ્યાન કરવામાં આવ્યું છે.

સંગઠનના પ્રમુખ નિલેશ પુજારા અને ચેતન દક્ષિણી આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા પદયાત્રીઓએ પ્રવેશ ફોર્મ તથા અન્ય વધુ વિગતોની જાણકારી અર્થે મેનેજર, જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગરનો સંપર્ક કરવો (ફોન નં. ૨૩૨૨૩૬૧૪). સંસ્થાના ભગીરથ કાર્યમાં તન, મન, ધનથી સેવા આપવા ઈચ્છતા દાતાઓ, સેવકોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સામેલ થઈને કાર્યક્રમને પ્રોત્સાહન આપી સફળ બનાવવા સંસ્થા વતી હાર્દિક અપીલ પણ તેમણે કરી છે.



નવરાત્રીના પર્વ નિમિત્તે શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે કેશગૂંફન હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ આ હરિફાઈમાં ભાગ લઈ સુંદર કેશગૂંફન કર્યું હતું તથા વિવિધ વસ્તુઓથી તેનો શણગાર પણ કર્યો હતો. ત્યારબાદ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીનીઓએ શાળાના હૉલની સફાઈ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મંદાકિની ત્રિવેદી તથા દક્ષાબેન પટેલે કર્યું હતું. શાળાનાં આચાર્ય મીનાબેન ચૌધરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

# ઘરના વડિલો સાથે સંવાદ સાધીએ : રાજ્યપાલ





ગાંધીનગર, તા ૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર શહેર વસાહત મંડળ અને જયોતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે આજરોજ વડીલો અને યુવા પેઢીની પુખ્ત વિચારધારાનો એકરૂપ સમન્વય જાળવવા અને ચેતનવંતો બનાવવાના ઉમદા પ્રયાસ રૂપે એક અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

અંધ મા-બાપને કાવડમાં યાત્રા કરાવનાર શ્રવણને યાદ કરીને રાજયપાલ ઓ.પી.કોહલીએ વિદ્યાર્થીઓને પોતાના માતા-પિતા, દાદા-દાદી અને નાના-નાનીને હંમેશાં તેમના કોઈ પણ કામમાં મદદ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. અત્યારે હાલની ભાગદોડ ભર્યા જીવનમાં વ્યક્તિ ઘરના વડીલોને પૂરતો સમય આપી શક્તી નથી.. જેથી બાળકોને ચોવીસ કલાકમાં ઘરનાં વૃધ્ધ દાદા-દાદી સાથે નિરાંતની પળોમાં વાતચીત કરવા અને તેમના અનુભવી જીવનમાંથી કંઈક મેળવવા પણ જણાવ્યું હતું. તેમણે બાળકોને દિવસ દરમ્યાન બનેલ ઘટનાઓનો સંવાદ પણ ઘરના વડીલો સાથે કરવાનું પણ જણાવ્યું હતું. તેમના દુઃખના સાથી બનવા માટેનું પણ બાળકોને ભારપૂર્વક કહ્યું હતું. તેમજ ઘરના વૃધ્ધ વડીલોને પડતી તકલીફોથી પોતાના મા-બાપને વાકેફ કરવા પણ કહ્યું હતું. દાદા-દાદીની સેવા કરવીએ આપણુ કર્તવ્ય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

આ પ્રસંગે ઓલ ઈન્ડિયા એઈડ્સ એસોસિએશના ડાયરેકટર ડૉ. પ્રસુન્ત ચેટરજીએ પોતાના પ્રેઝેન્ટેશનમાં નાની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ રજૂ કરીને વર્તમાન સમયમાં વડીલોને તેમની શું જરૂરિયાત છે, તેની રસપ્રદ વાતો કરી હતી.

કાર્યક્રમના આરંભે શાળાના બે વિદ્યાર્થીઓના દાદા- દાદીનું રાજયપાલશ્રી હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શેઠ સી. એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી જયદેવ ચૌહાણ, રજત ઉપાધ્યાય, રાજ સુથાર અને જીનલ પટેલે પોતાના દાદા-દાદી સાથેના યાદગાર પ્રસંગો યાદ કર્યા હતા.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે કર્યું હતું. આભારવિધિ શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય પ્રહલાદભાઈ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક ચેતનાબેન બુચે કર્યું હતું.

આ કાર્યક્રમમાં જયોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબહેન ચોકસી સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસનો પાયો - આવક અને ઉત્પાદનમાં વૃદ્ધિ !



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આઝાદી મળ્યા પછી અને બેંકોનું રાષ્ટ્રીયકરણ ૧૯૬૯માં કર્યા પછી આર્થિક મોરચે ૩૧મી માર્ચ, ૨૦૧૬નાં સરવૈયાએ ધરતીકંપના આંચકા જેવો મોટો ઝટકો આપ્યો હતો અને આર્થિક વ્યવહારોની કરોડરજ્જુ જેવી બેંકો આર્થિક દ્રષ્ટિએ અત્યંત નબળી પડી ગઈ જેનાં મુખ્ય કારણોમાં ઍનપીએ (બિન કમાઉ મિલકતો)માં વૃદ્ધિ અને નબળો ઋણ ઉપાડ જાહેર થયો છે. બેંકોની સ્થિતિ આટલી હદે શિથિલ થઈ જાય એ ઘટના જ દરેક જાગૃત નાગરિકને વિચારવા મજબૂ અવશ્ય કરે છે. બેંકોનું કાર્યક્ષેત્ર કહેતાં ફલક ઘણું જ વિસ્તૃત થયું છે તેમાં કોઈ શંકા નથી પરંતુ ભારતના પરિપ્રેક્ષ્યમાં જે આર્થિક સ્થિતિ ૨૦૧૫-૧૬માં ઊભી થઈ તે પણ જવાબદાર છે જ. ગત વર્ષમાં ચોમાસું અનિયમિત, અધૂરું અને અસમાન રહ્યું. ઉપરાંત દેશનાં કેટલાંક રાજ્યોમાં અતિ વર્ષા પણ થઈ પરિણામે કૃષિ ઉત્પાદન ધાર્યા મુજબ થઈ શક્યું નહીં. આપણું અર્થતંત્ર આજે પણ મહદંશે કૃષિ આધારિત છે તે સચ્ચાઈ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી એક રિપોર્ટ જણાવે છે કે ભારતમાં અતિ ગરીબીમાં જીવતા લોકોની સંખ્યા ૩૦ કરોડ છે. આમ વસતી વૃદ્ધિની સાથે આવક વૃદ્ધિ નથી પણ ગરીબોની સંખ્યા વધી રહી છે. વિશ્વમાં સૌથી વધુ ગરીબો ભારતમાં છે એટલે જ પ્રવર્તમાન પ્રશાસન નવી નવી સ્કીમો અમલમાં મૂકી રહી છે. જેમકે, ‘મેક ઈન ઈન્ડિયા’, ‘સ્ટાર્ટ-અપ’ ઉપરાંત લોકોના જીવનસ્તરને સુધારવા સ્વચ્છ ભારત મિશન, મનરેગા, સ્માર્ટ્ સિટી, સ્માર્ટ વિલેજ, મૅટ્રો રેલવે, ડિજીટલ ઈન્ડિયા વગેરે.



કહેવાનો મુદ્દો એ છે કે વિકાસ એ આર્થિક દ્દષ્ટિએ મૂલવવામાં આવતો ખ્યાલ છે. માથાદીઠ આવક, ન્યૂનતમ કૅલરીયુક્ત આહાર વગેરે તેને માપવાના માપદંડો છે. વિશ્વમાં કુલ ૪૨ દેશો ગરીબ છે, જેમાં ૧૨ આફ્રિકન દેશોનો સમાવેશ થાય છે. ભારતની વાત કરીએ તો આપણે માથાદીઠ આવક ગ્રામ અને શહેરી વિસ્તાર માટે નક્કી કરી છે, તેને સતત બદલતા રહીએ છીએ. આપણા વિવિધ રાજ્યોની આર્થિક સક્ષમતામાં પણ ઘણી અસમાનતા જોવા મળે છે અને લોકોની એકંદર આવકવૃદ્ધિ નોંધપાત્ર રીતે સુધરી નથી. જો ઝાકમઝોળ બજારમાં જોવા મળે છે તે બેંકોના શાખ વિસ્તરણ કે ઋણને લીધે છે. ‘લોકો મિલકતો ખરીદતા નથી પરંતુ જવાબદારીઓ માથે લે છે.’ આ વાક્યમાં બધું જ સત્ય સમાયેલું છે.

જો આવકવૃદ્ધિ હાંસલ કરવી હોય તો પ્રવૃત્તિઓમાં વધારો થાય, કામ કરનારાની સંખ્યામાં વૃદ્ધિ થાય, ઉત્પાદકિય એકમો વધે અથવા પ્રવર્તમાન એકમોની કાર્યક્ષમતામાં વૃદ્ધિ થાય તો જ સપાટી ઉપર જઈ શકે. સરકાર પરિસ્થિતિ બદલવા માટે પ્રતિવર્ષ બજેટથી મદદ કરે છે પરંતુ બજેટના અમલીકરણનું આકલન થતું હોય તેવું જણાતું નથી.

મોંઘવારીનો રાક્ષસ રક્તબીજ રાક્ષસ સમાન થઈ ગયો છે જે બધાના સંકલન અને પ્રયાસ વિના મરે તેમ નથી. વિકાસ નામના પ્રદેશની સૌધ સૌનું સુંદર સ્વપ્ન છે. આ પ્રદેશ વાસ્તવમાં મેળવવો મુશ્કેલ છે. આપણા દેશના મહામૂલા આર્થિક સ્ત્રોતને બિન ઉત્પાદકીય રીતે વેડફાઈ જતા રોકવા એ સરકારની પ્રાથમિક ફરજ છે. તમામ પ્રકારના ટેક્સ અને વેરાની દૃષ્ટિએ આપણો દેશ સૌથી પ્રથમ છે અર્થાત આપણે વિવિધ વેરાઓ ભરતા રહીએ છીએ અને બીજી તરફ તેનાં મીઠાં ફળ પ્રજાને પ્રાપ્ત થતાં નથી.

બેંકોની લોનવૃદ્ધિને આધારે લોકો વિકસિત થઈ ગયા છે તેવું મૂલવી શકાય તેમ નથી. બેંકોની બેડલોન્સ ભયાનક સ્તરે વધી ત્યારે બધા દોડતા થયા છે, પરંતુ તેના માટેનાં કારણો જાણીને નિવારણોની હકિકતે જરૂર છે.

પ્રશાસન હવે જાહેરાતો છોડીને પરિણામો દર્શાવે એ સમય આવી ગયો છે. જીડીપીના દરમાં પ્રજાને રસ નથી, તેને ઝંખના છે તો મોંઘવારીમાંથી મુક્તિ મેળવવાની, એ મળશે ત્યારે તેને વિકાસની સાચી પરિભાષા સમજાશે!

‘રસ્તે રસ્તે ‘શઠ’ ઊભા છે,
મંદિર, મસ્જિદ, મઠ ઊભા છે!’
(હેમેન શાહ)

# એસ જી પ્રાથમિક શાળામાં નવરાત્રિ નિમિત્તે ગરબા સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની એસ જી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૪ અને ધોરણ-પથી ૮ના વિધ્યાર્થીઓનો નવરાત્રિ પ્રસંગ નિમિતે ગરબા સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો..જેમાં ધોરણ-૧ થી ૪ માં પ્રથમ નંબર ધોરણ-૪નો તેમજ ધોરણ-પથી૮ ધોરણમાં રાસ ગરબા સ્પર્ધામાં ગ્રીન હાઉસ પ્રથમ નંબર , યલો હાઉસ બીજો નંબર તેમજ તૃતીય નંબર ઓરેંજ હાઉસનો આવ્યો હતોઆ ઉપરાંત બેસ્ટ પરફોમન્સ તેમજ શ્રેષ્ઠ પરિધાનમાં માટે પણ નંબર આપવામાં આવ્યા હતા. ધોરણ ૧થી૮ માં ધોરણ-૧-સી ચનિયારા ઈવા, ધોરણ-૨-ડી પ્રજાપતિ સોહન , ધોરણ-૭-ડી ખચ્ચર દેવાંસી , ધોરણ-૮-ડી ચતુર્વેદી હર્ષ તેમજ શ્રેષ્ઠ પરિધાનમાં ધોરણ-૪એ પરમાર શ્રુતિ ધોરણ-૩—સી સોની વંશ, ધોરણ-૭-ડી પટેલ ધર્મા ,ધોરણ-૭-બી શાહ આર્યન વગેરે વિધ્યાર્થીઓએ નંબર મેળવીને ઈનામ પ્રાપ્ત કર્યા હતા. . બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.